# ઝરણેશ્વરની શિવ મહાપુરાણ કથામાં શિવવિવાહની અનોખી ઉજવણી

હિંમતનગર, તા.૧

પવિત્ર પુરૂષોત્તમ માસ પ્રસંગે હિંમતનગરમાં મહેતાપુરાના ઝરણેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી શિવ મહાપુરાણ કથાનું રસપાન પૂ.રામદાસ બાપુ કરાવી રહ્યા છે. બુધવારે મંદિર ખાતે શિવ વિવાહના ધાર્મિક ઉત્સવનું વિશિષ્ટ આયોજન કરાતા અનેક શિવ ભકતોએ ઉત્સવની ઉજવણી સાથે દર્શનનો લાભ લીધો હતો.

ઝરણેશ્વર મહાદેવ મંદિરના મહંત શ્રી લક્ષ્મણભારતીજી બાપુએ જણાવ્યુ હતું કે તા.૨૮ જૂનથી શરૂ થયેલી શિવ મહાપુરાણ કથા શ્રવણનો અનેક શિવ ભકતો લાભ લઈ રહ્યા છે. જયારે બુધવારે યોજાયેલા શિવ વિવાહના પ્રસંગે પણ ભકતજનોએ હર્ષોલ્લાસ સાથે દર્શનનો લાભ લીધો હતો. ગત સોમવારે રાત્રે સંતવાણી કલાકાર રીટાબેન દવેના કલાવૃંદ દ્વારા મોડી રાત સુધી ભજન સંધ્યા અને સંતવાણી દ્વારા ભકતજનોને ડોલાવ્યા હતા. કોન્ટ્રાકટર સી.આર.પટેલ દ્વારા સંતવાણી કાર્યક્રમનું આયોજન થયુ હતું.

તા.૪ જુલાઈના રોજ શિવ મહાપુરાણ કથાની પૂર્ણાહૂતિ થશે. સાત દિવસની કથા દરમિયાન કનુભાઈ દવે, વાલજીભાઈ દેસાઈ, ગં.સ્વ.પુષ્પાબેન ભદાવત, રમેશસિંહ વાઘેલા, જીતુભાઈ રાવલ, નથ્થુભાઈ દેસાઈ, ચંદ્રકાન્તભાઈ પટેલ, દિલીપસિંહ રાઠોડ, ભરતભાઈ રાવલ અને મહેતાપુરાના અનેક પરિવારજનો દ્વારા આરતી, સંતવાણી, કથાના વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં સહયોગ આપ્યો હતો.



# ચાંગા ગ્રામપંચાયતનો બોર ૨૦ દિવસથી બંધ

કાંકરેજ તાલુકાના ચાંગા ગામની હાલત પાણી વિના કફોડી બનવા પામી છે. ચાંગા ગામમાં છેલ્લા ૨૦ દિવસથી ગ્રામ પંચાયતનો બોર બંધ થઈ જતા નાગરિકો પાણી માટે ફાંફા મારી રહ્યા છે. ગ્રામજનોએ આ પાણીની વિકટ સમસ્યા મામલે અનેક રજુઆત કરવામાં આવી છે તેમ છતાં તમામ સ્થાનિક તંત્ર આંખ આડા કાન કરી રહ્યા છે અને પોતાની જવાબદારીઓમાંથી છટકી રહ્યા છે. ત્યારે ગ્રામજનોએ ભારે રોષ વ્યકત કરી સત્વરે આ બંધ બોરને ચાલુ કરવા ઉગ્ર માંગ કરી રહ્યા છે.

# દીકરી ઉપાડી જવાની શંકા જતા અગિયોલના યુવકને માર માર્યો

હિંમતનગર, તા.૧

હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારમાંથી મંગળવારે સાંજના સુમારે દિકરી ઉપાડી જવાનો વહેમ રાખી મહેસાણા જિલ્લાના ચાર શખ્સોએ હિંમતનગર તાલુકાના આગિયોલના એક યુવકને મારૂતી ગાડીમાં ઉપાડી જઈ ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ આ યુવકને હિંમતનગર આર.ટી.ઓ. સર્કલ પાસે ઉતારી દઈ મહેસાણા જિલ્લાના ચારેય શખ્સો જાનથી મારવાની ધમકીઓ આપી ભાગી છુટયા હતા. જે ઘટના અંગે ભોગ બનનારે મંગળવારે રાત્રે હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ચારે જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી લઈ તપાસ પ્રક્રિયા શરૂ કરી છે.

**હિંમતનગરમાંથી યુવકને કારમાં ઉપાડી મહેસાણા જિલ્લાના ચાર શખ્સોએ માર માર્યો**

ઘટના અંગે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર હાલમાં આગિયોલ ગામે રહેતા અને મૂળ અમદાવાદના સૈજપુર બોઘાના રહીશ અર્પણ જગદીશગીરી ગોસ્વામી મંગળવારે સાંજના સુમારે હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારમાં આવ્યા હતા. તે દરમિયાન સાંજના છએક વાગ્યાના સુમારે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના જંત્રાલ ગામે રહેતા અશોકવન ઉર્ફે જાફર કૈલાશવન ગોસ્વામી તેમના વેવાઈ તેમજ અન્ય બે શખ્સો સાથે મારૂતી ઈકો ગાડી લઈ ન્યાય મંદિર વિસ્તારમાં આવ્યા હતા. જંત્રાલ ગામના અશોકવન ગોસ્વામીની દિકરી ૧૫ દિવસથી તેમના ઘરેથી નીકળી ગઈ હતી. જેથી અશોકવન ગોસ્વામીએ અર્પણ ગોસ્વામી પર દિકરીને ઉપાડી જવાનો વહેમ રાખી હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારમાં માર માર્યો હતો.

ઉપરાંત ઘટેલી આ ઘટના દરમિયાન અશોકવન ઉર્ફે જાફર ગોસ્વામી સાથે વેવાઈ સહિતના આવેલા શખ્સોએ અર્પણ ગોસ્વામીને મારૂતી ઈકો ગાડીમાં ઉપાડી લઈ ગડદાપાટુનો માર મારતા લઈ ગયા હતા અને હિંમતનગર આર.ટી.ઓ. સર્કલ પાસે તેને રોડ ઉપર ઉતારી દઈ જાનથી મારવાની ધમકીઓ આપી ચારેય જણા વાહન સાથે ભાગી છુટયા હતા. ત્યારબાદ ઘટના અંગે આગિયોલના અર્પણ ગોસ્વામીએ હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં પહોંચી જાણ કરતા પોલીસે તેની ફરિયાદ આધારે મહેસાણા જિલ્લાના ચારેય શખ્સો વિરૂધ્ધ ગુનો દર્જ કર્યો હતો.

# મજીયારી જમીન વાવવાના મામલે કૃષ્ણનગરના રહીશને માર મારતા ફરિયાદ

હિંમતનગર, તા.૧

હિંમતનગર તાલુકાના દેરોલ નજીકના કૃષ્ણનગરના રહીશ સાથે ગામના જ એક પરિવારના શખ્સોએ મજીયારી જમીન વાવવા બાબતે મંગળવારે તકરાર કરી તેમજ હાથ પર બચકુ ભરી ગડદાપાટુનો માર મારતા મામલો હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. જેમાં કૃષ્ણનગરના રહીશે ગામના એક જ પરિવારના ત્રણ સદસ્યો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ઘટના અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર કૃષ્ણનગરમાં રહેતા રોહિતકુમાર ડાહ્યાલાલ સોલંકી સાથે મંગળવારે સવારે ગામમાં જ રહેતા યજ્ઞેશભાઈ ચુનીલાલ સોલંકીએ મજીયારી જમીન વાવવાની બાબતમાં તકરાર કરી હતી અને રોહિતકુમારને ગાળો ભાંડી જમણા હાથે બચકુ ભરી લેતાં ઈજાઓ પહોંચી હતી. તે સમય દરમિયાન યજ્ઞેશભાઈના પિતા ચુનીલાલ રામાભાઈ સોલંકી અને માતા મધુબેન સોલંકીએ પણ વચમાં દોડી આવી રોહિતકુમારને ગાળો ભાંડી મદદગારી કરી હતી.

માર મારવાના મામલે કૃષ્ણનગરના રહીશે યજ્ઞેશભાઈ સોલંકી, ચુનીલાલ રામાભાઈ સોલંકી અને મધુબેન સોલંકી વિરૂધ્ધ મંગળવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## લિમ્બચ ધામ ખાતે આજે મહાઆરતી થશે

સેકટર-૧૩માં આવેલ શ્રી લિમ્બચ માતાજી મંદિરે આજ રોજ ગુરુવારે પુનમ હોવાથી મહાઆરતી સાંજે ૭-૦૦ વાગે કરવામાં આવશે. લિમ્બચ પરિવારોએ સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## કર્મચારી મહામંડળના ઉપપ્રમુખ વરાયા

ગુજરાત રાજય કર્મચારી મહામંડળની સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. સભામાં વર્ષ ૨૦૧૫-૧૬-૧૭ માટે ઉપપ્રમુખ તરીકે બિપિન સી.ગજ્જરની વરણી કરવામાં આવી છે. બિપિનભાઈ ગુજરાત સ્ટેટ ગવર્નમેન્ટ પ્રેસીસ કલાસ થ્રી એમ્પ્લોઈઝ એસોસિએશનના પ્રમુખ પણ છે. એસોસિએશનના સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યોએ બિપિનભાઈની વરણીને આવકારી શુભેચ્છાઓ પાઠવી છે.

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં ફાધર્સ યોગ-ડે ઉજવાયો

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં ફાધર્સ ડે અને યોગ-ડેની ઉજવણી કરવામાં આવેલ હતી. ધોરણ-૩ના વિદ્યાર્થીઓ મિલિન ચૌહાણ, પાર્થ પટેલ, હિનાબા જાડેજા, વિસ્તૃતિ સિંધાએ ભાગ લીધેલ હતો. ગોસ્વામી કશીશ, વાઘેલા હિતાક્ષીએ ફાધર્સ ડેને લગતું ગીત રજુ કરેલ હતું. યોગ દિવસે સુર્ય નમસ્કાર અને યોગ રજુ કરેલ હતા. આચાર્યશ્રી દશરથભાઈ પટેલે વાલીઓને શાળા વિષેની માહિતી-માર્ગદર્શન આપેલ હતું. શ્રી અનિલાબેન માંકડે સંચાલન કર્યું હતું. 'પિતાનું મહત્વ' વિષે વિચારો વ્યકત કર્યા હતાં.



**ઘ-રોડ પર બાઈક સવારને અકસ્માત નડયો**

ગાંધીનગરના પહોળા રાજમાર્ગો પર નાના મોટા અકસ્માતની ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. ચિંતાજનક રીતે વધી રહેલી આ ઘટનાઓ પર નિયંત્રણ મેળવવા તંત્રની સાથે વાહન ચાલકોએ પણ ટ્રાફિકના નિયમોનું પાલન કરવું અતિ આવશ્યક છે. ઘ-રોડ પર આજે સે-૧૬ પાસે એક બાઈક સવારને આજે અકસ્માત નડયો હતો જેમાં તેને ઈજાઓ થવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# ખાદી કાંતણ-વણાટ સહાયમાં સવા ત્રણથી પાંચ ગણો વધારો કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયમાં ખાદી કાંતણ-વણાટ ક્ષેત્રે સંકળાયેલી બહેનો-નારી શકિતને ચૂકવવામાં આવતી નાણાંકીય સહાયમાં ત્રણથી પાંચ ગણો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર સામાન્ય અનુસૂચિત જાતિના અંદાજીત ૭૦૦૦ લાભાર્થીઓને પ્રતિ આંટીના વર્તમાન કાંતણ સહાય દર ૩૦ પૈસામાં સવા ત્રણ ગણો વધારો કરીને ૧૦૦ પૈસા કરવામાં આવ્યો છે. વણાટ સહાય પ્રતિ ચો.મી.ના વર્તમાન દર ૧૦૦ પૈસામાં ત્રણ ગણો વધારો કરીને ૩૦૦ પૈસા કરાયા છે તેમજ વણાટ સાધન સહાય પ્રતિ ચો.મી.ના વર્તમાન દર ૨૦ પૈસામાં પાંચ ગણો વધારો કરીને ૧૦૦ પૈસા કરાયો છે.

અનુસૂચિત જનજાતિના આશરે ૧૦૦૦ લાભાર્થીઓને કાંતણ સહાય પ્રતિ આંટીના વર્તમાન દર ૫૦ પૈસામાં ત્રણ ગણો વધારો કરીને ૧૫૦ પૈસા, વણાટ સહાય પ્રતિ ચોમીના વર્તમાનદર ૧૨૦ પૈસામાં સાડા ત્રણ ગણો વધારો કરીને ૪૦૦ પૈસા કરાયા છે. વણાટ સાધન સહાય પ્રતિ ચો.મી.ના વર્તમાન દર ૨૦ પૈસામાં પાંચ ગણો વધારો કરીને ૧૦૦ પૈસા કરવામાં આવ્યા છે.

શ્રીમતી આનંદીબહેન પટેલના આ ગ્રામીણ વણાટ કારીગર કલ્યાણ નિર્ણયનો લાભ ૮૬૭૧ બહેનો-માતાઓ તથા ૪૧૯૫ પુરૂષ કાંતણ-વણાટ કારીગરોને મળતો થવાનો છે.



(તસવીર : ધ્રુવ પ્રણામી)

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલા નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા ગજાદર પાટીયા નજીક અમદાવાદ તરફથી ઉદયપુર જઈ રહેલી કાર (નં. જીજે ર ૭એએ ૮૭૦૯) ને અજાણ્યા ટ્રકે પાછળથી ટકકર મારતાં કાર પલટી ખાઈ ગઈ હતી. સદનસીબે કારમાં સવાર વ્યકિતઓને કોઈ જ ઈજાઓ ન પહોંચતા આજુબાજુમાંથી દોડી આવેલા લોકો વિચારમાં પડી ગયા હતા જયારે ટ્રકનો ચાલક ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો.

# પ્રાંતિજ એસ.ટી. ડેપોમાં આઠ કર્મચારીની નિવૃત્તી : ભવ્ય સત્કાર સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એસ.ટી. ડેપોમાં બસ ડ્રાઈવરો અને કંડકટરો વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તા. ૩૦-૬-૨૦૧૫ ના રોજ કાર્યાલય પ્રાંતિજ ખાતે ભવ્ય નિવૃત્તિ સત્કાર કાર્યક્રમ ડેપો મેનેજર કે.એસ. ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે દલપુર જોગણી માતા મંદિરના વયોવૃદ્ધ મહંત ચંદ્રમાં ગીરી મહારાજે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

પ્રાંતિજ એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા મોહનલાલ લીંબચીયા સહિતના સાત ડ્રાઈવરો અને ત્રણ કંડકટરો વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં ડેપો સ્ટાફ દ્વારા ભવ્ય સત્કાર કાર્યક્રમું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ડ્રાઈવરો-કંડકટરોની ફરજનિષ્ઠા વફાદારી નિયમિતતાની ભરપેટ પ્રસંશા કરવામાં આવી હતી. અને નિવૃત્ત પછીનું જીવન પરિવાર સહ ભક્તિમય બને એ પ્રમાણેના શુભાષિતો આપવામાં આવ્યા હતા.

પુ. મહંત ચંન્દ્રમાગીરી મહારાજે શાસ્ત્રો અને ભક્તિનું માહત્મ્ય સમજાવી દરેકનુંજીવન સુગંધીમય, નિરોગી રહે તે માટેના શુભાશિષ આપ્યા હતા. સ્ટાફ દ્વારા તમાનુંસન્માન તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવી હતી.





રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધીએ તાજેતરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સચિવ તરીકે ૨૨ કાર્યકરોની વરણી કરેલ છે. જેમાં અરવલ્લી જિલ્લામાંથી અરૂણ પટેલ અને વનરાજ રાઠોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. અરૂણ પટેલ એનએસયુઆઈમાં સહમંત્રી રહી ચૂકયાં છે જયારે વનરાજ રાઠોડ ૧૯૯૭ થી ૨૦૦૦ની સાલ સુધી ભિલોડા તાલુકાના યુથ કોંગ્રેસના પ્રમુખ રહી ચુકયાં છે. (તસવીર : સમીર બલોચ)

## શબ્દાવલી - ૫૭૭૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ■ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ૭ | | | |
| | ■ | ૮ | ૯ | | ■ | | ■ |
| ■ | ૧૦ | | | ■ | ૧૧ | ■ | ૧૨ |
| ૧૩ | | | ■ | ૧૪ | | ૧૫ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | |
| | ■ | ૧૯ | | | | | ■ |
| ૨૦ | | | | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. ફરતારામ (૫)
૪. પાઘડી (૨)
૬. સીમા (૨)
૭. વસવાટ કરનાર, રહેનાર(૪)
૮. કામના-ઇચ્છાથી કરેલ(૩)
૧૦. આમંત્રણ, નોંતરુ (૩)
૧૩. લાજ, ઇજ્જત (૩)
૧૪. સાચાબોલ (૪)
૧૬. સિંહની ગરદન પરના વાળ (૨)
૧૭. પ્રતિષ્ઠા, મોભો, સ્થાન(૨)
૧૮. સમયનું એક માપ (૨)
૧૯. તલબોળ (૫)
૨૦. સામસામા સવાલ જવાબ (૫)
૨૧. મુરબ્બી, સહાય કરનાર(૨)

### ઊભી ચાવી

૧. ગુપ્તતા, સસ્પેન્સ (૩)
૨. અભિમાન (૨)
૩. મર્મ, ભાવ (૩)
૪. માટી ઉસેડવાનું સાધન(૩)
૫. મકાન, રહેઠાણ (૨)
૮. જળ ભરેલું, આંસુ ભરેલ(૩)
૯. સાંભળવાની ઇન્દ્રિય (૨)
૧૦. એક કીડી (૩)
૧૧. બરફના કણનો વરસાદ પડે તેને.... પડ્યા કહેવાય (૨)
૧૨. આકાશ (૩)
૧૩. લુચ્ચા પ્રાણીની એક જાત(૪)
૧૪. કીડીઓથી તળે ઉપર થતું હોય તેવું (૪)
૧૫. બેપરવા શબ્દ એ અહીં પણ પરવા કરી નથી (૪)
૧૭. દરકાર (૩)
૧૯. લોઢી, નાનકડો તવો (૨)

### શબ્દાવલી ૫૭૭૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાલિશતા, કાવડ (૬) રડસમ (૭) વળમ (૮) દમક (૧૦) કાખ (૧૨) વનરાજ (૧૫) પાંસળી (૧૭) ચાર (૧૮) લૉ (૧૯) સંતુર (૨૧) લીલવા (૨૨) મધરાત

**ઊભી ચાવી :-** (૧) બાણાવળી (૨) શરમ (૩) તાડ (૪) કાસદ (૫) ડણક (૯) મલ્લ (૧૦) કાન (૧૧) ખરા (૧૨) વળી (૧૩) જરાસંધ (૧૪) કસરત (૧૫) પાંચાલી (૧૬) સરલ (૨૦) તુરા

**કંપની સમાચાર**

## લિવાઈસ જાહેર કરે છે, ૫૦ ટકા સુધીની ડિસ્કાઉન્ટ ઓફર

લિવાઈસ બ્રાન્ડ સમગ્ર દેશના તેના એક્સક્લુસીવ સ્ટોર્સમાં ૨૭મી જૂન ૨૦૧૫થી સમગ્ર દેશમાં ૫૦ ટકા સુધીની ડિસ્કાઉન્ટ ઓફર રજુ કરે છે, અર્ધ-વાર્ષિક સિઝનના અંતે સેલ. જેમાં સ્ટોર પર આકર્ષક ડિસ્કાઉન્ટ મળશે. ગ્રાહકો જેમ વધુ ખરીદી કરશે તેમને વધુ ડિસ્કાઉન્ટ મળશે. કેટલાંક ઉત્પાદનો પર ૫૦ ટકા સુધી (વેટ વધારામાં) મળશે.

લિવાઈસનો આ સેલ ટૂંકાગાળા માટે જ છે તો, જલ્દી દોડો અને તમારા માટે સારામાં સારી વસ્તુઓની ખરીદી કરો. લિવાઈસ ક્લાસિક અમેરિકન શૈલી અને પ્રયાસવિહિન ઠંડકને વ્યક્ત કરે છે. ૧૮૭૩માં લેવી વસ્ટ્રોસ એન્ડ કંપની દ્વારા લિવાઈસ જીન્સની શોધ કરવામાં આવી હતી.

## પિતાંબરી ગોમૂત્ર પ્લસ કેમ્પ્સ્યુલ્સ ટૂંક સમયમાં જ ગુજરાતમાં પણ ઉપલબ્ધ!

આયુર્વેદમાં ચરક સંહિતા અને સુશ્રુત સંહિતા જેવા ગ્રંથો અનુસાર ગોમૂત્ર એ વિવિધ રોગોમાં એક મહત્વપૂર્ણ ઔષધ છે. પરંતુ તેની તીવ્ર ગંધ અને સ્વાદને લીધે તેનું સેવન કરવું અશકય છે. આ સમસ્યાને સમજીને પિતાંબરી હેલ્થકેઅર ડિવિઝન દ્વારા સૌ પ્રથમવાર સંશોધિત ગોમૂત્ર પલ્સ કેમ્પ્સુયલનું આરોગ્યદાયી ઉત્પાદન ગ્રાહકો માટે રજુ કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રમાં ઉત્તમ પ્રતિસાદ પછી આ નવા ઉત્પાદનની રજુઆત ગુજરાતમાં કરવામાં આવી. આ પરિષદમાં પિતાંબરીને ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી મધુકર પુજારી, પિતાંબરી હેલ્થ કેઅર ડિવિઝનના વાઈસ પ્રેસીડંટશ્રી દીપક પરાંજપે, નેશનલ સેલ્સ મેનેજરશ્રી સુભોધ ચિતળે, પિતાંબરીને આર એન્ડ ડી વિભાગના તજજ્ઞ ડૉ. મિલિંદ ઘારપુરે, ગુજરાતની વાઘોડિયા ફેકટરીના પ્રમુખ શ્રી મનીષ પટ્ટણકર અને સુપરસ્ટોકિસ્ટ મે. આદેશ્વર એન્ટરપ્રાઈઝના શ્રી વિરલ શાહ આદિ માન્યવરો ઉપસ્થિત હતા.

વાઈસ પ્રેસિડેંટ શ્રી દીપક પરાંજપેએ કહ્યું કે ગોમૂત્ર પ્લસમાં ગોમૂત્રને પાઉડર અને તેની સાથે આરોગ્યદાયી ત્રિફળાચૂર્ણ (આમળા, બહેડા અને હરડે જેવી ઔષધીઓનું મિશ્રણ) નું મિશ્રણ છે. કેપ્સ્યુલ સ્વરૂપમાં હોવાથી ગોમૂત્રની તીવ્રવાસ અને સ્વાદની તકલીફ ન રહેતા ગોમૂત્રના આરોગ્યવર્ધક ગુણોના લાભ મળે છે.

# હિંમતનગરમાં શરૂ થનારી મેડીકલ કોલેજને કેન્દ્રએ માન્યતા આપી

સાબરકાંઠા જિલ્લામાં એક પણ મેડીકલ કોલેજ ન હોવાને કારણે અગાઉના ધારાસભ્ય અને પૂર્વ ગૃહ રાજય મંત્રીએ રાજય સરકાર સમક્ષ કરેલી રજુઆત બાદ તત્કાલિન મુખ્ય મંત્રીએ હિંમતનગરને મેડીકલ કોલેજ ફાળવવાની જાહેરાત કરી હતી. જેથી તંત્ર દ્વારા હિંમતનગરના હડિયોલ નજીક જમીન સંપાદન કરીને મેડીકલ કોલેજ માટે અદ્યતન મકાન તૈયાર કરવામાં આવ્યુ છે. દરમિયાન મંગળવારે કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા માન્યતા આપવામાં આવી છે.

આ અંગેની વિગત એવી છે કે પૂર્વ ગૃહ રાજય મંત્રી પ્રફુલ પટેલના અથાગ પ્રયાસ બાદ હિંમતનગરમાં મેડીકલ કોલેજ શરૂ કરવા માટે તત્કાલિન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીએ માગણીને ગ્રાહ્ય રાખી હતી અને અંદાજે રૂા.૧૦૦ કરોડ ફાળવ્યા હતા.

જે આધારે હડિયોલ નજીક જમીન સંપાદન કર્યા બાદ તંત્ર દ્વારા અદ્યતન મકાન તૈયાર કરાયુ છે. બીજી તરફ મંગળવારે કેન્દ્ર તરફથી મળેલી માન્યતાના ભાગરૂપે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ હિંમતનગર મેડીકલ કોલેજને માન્યતા અપાઈ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬માં એમ.બી.બી.એસ.ના પ્રથમ વર્ષની ૧૫૦ બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી બી.જે.મેડીકલ કોલેજ અમદાવાદની કમિટિ દ્વારા શરૂ થશે.



(તસવીર : જય અમીન, મોડાસા)

મેઘરજ નજીકના શીણાવાડ ગામની સીમમાંથી એલસીબીની ટીમે ફોર્ડ આઈકોન કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો અને ૨ બુટલેગરની ધરપકડ કરી હતી. અરવલ્લી એલ.સી.બી.ના પી.આી. પી.કે. પટેલ અને તેમની ટીમે આજે શીણાવાડા નજીક વાહનચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં રાજસ્થાન તરફથી આવતી ફોર્ડ કાર નં. જીજે-૬-ડીબી-૪૨૫૯ને અટકાવી તેની તપાસ કરી હતી. પોલીસને તપાસ દરમિયાન કારની સીટ નીચે છુપાવેલ વિદેશી દારૂ અને બિયરની ૨૦૪ નંગ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ. ૭૧,૨૦૦ની થાય છે.

## કુપોષિત બાળકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને બાળ વિકાસ વિભાગ હસ્તક હતો તે હવે આરોગ્ય વિભાગ હસ્તક મુકવામાં આવ્યો છે.

સામાન્યતઃ અતિ કુપોષિત બાળકોની સંખ્યા જે ૫ ટકા જેટલી જોવા મળતી હોય છે તેની સામે જિલ્લામાં આ ટકાવારી ૨.૯૦ ટકા જેટલી થવા જાય છે. જ્યારે ઓછુ વજન ધરાવતા અથવા ઊંચાઈ અને વજન તેમજ આયુના પ્રમાણમાં વિસંગતતા ધરાવતા બાળકોની સંખ્યા રાજયમાં ૧૩ થી ૧૪ ટકા હોય છે જેની સામે જિલ્લામાં આવા બાળકો ૨૦.૪૩ ટકા મળ્યા છે જે ચિંતાજનક કહી શકાય.

## મુક્તિ અપાવવી જોઈએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવસ્થા હોય છે. ઘણી જગ્યાએ તો એક જ કાઉન્ટર પર એકથી વધુ સેવાઓ સામેલ કરવામાં આવી હોય છે. દરેક માસની પહેલી તારીખથી પેન્શન લેવા માટે સિનિયર સીટીઝન્સ નિયમિત પહોંચી જતા હોય છે. મોટેભાગે પ્રારંભિક ચાર-પાંચ દિવસ માટે આ કારણે ભીડ રહેતી હોય છે. જો પોસ્ટઓફિસ કે બેંકમાં આ દિવસો દરમ્યાન પેન્શન સેવા પુરતુ એકાદ કાઉન્ટર વધુ રખાય તો પેન્શન લેવા આવેલ વડીલ, અશક્ત અને વયોવૃદ્ધ પેન્શનરોને લાંબીલચક લાઈનોમાં ઉભા રહેવાના ત્રાસમાંથી મુક્તિ મળી શકે. કારણ કે પ્રારંભના આ દિવસો પછી ઘસારો ઓછો થઈ જવા પામે છે. પેન્શન લેવા માટે આવનારા પેન્શનરો વયોવૃદ્ધ તો હોય છે પરંતુ તેમાં ઘણા ખુબ મોટી ઉંમરના અને અશક્ત અથવા બિમાર પણ હોય છે. જેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ સંજોગોમાં તેમને લાંબીલચક લાઈનમાં ઉભુ ના રહેવુંપડે તેવી વ્યવસ્થા ગોઠવાય તે માટે ટોકન સીસ્ટમ કેવધારાના કાઉન્ટરની વ્યવસ્થા આવકારદાયક સાબિત થઈ શકે.

ગાંધીનગરની મોટાભાગની પોસ્ટ ઓફિસોમાં તો પેન્શન માટે બારી પર વ્યવસ્થા ગોઠવાય છે જેથી આ વડીલોને બહાર ખુલ્લામાં, તડકામાં લાઈનમાં ઉભા રહેવાનો વારો આવે છે. આ સ્થિતિ ખરેખર દયનીય હોય છે. આ બાબતે શહેરના વિવિધ પેન્શનર્સ સમાજે અનેકવાર ડાક અદાલતમાં પણ રજૂઆતો કરી છે. છતાં તે સ્થિતિ હજુ યથાવત છે. વળી, પેન્શનરોને દર વર્ષે તેમની હયાતીનું પ્રમાણપત્ર આપવું ફરજિયાત હોવાથી તે બાબતે પણ વડીલોને ભારે હાલાકી ભોગવવી પડે છે. તે માટે પણ સરકાર દ્વારા કોઈ સુચારૂ વ્યવસ્થા ગોઠવાય તે ઈચ્છનીય છે.

**ટચૂકડી જાહેર ખબર**

**ફ્લેટ ભાડે આપવાનો છે**

3BHK, રાધે રેસીડેન્સી,
સીટી પલ્સની સામે,
કુડાસણ, ગાંધીનગર
મો. ૯૩૭૫૬ ૫૬૩૦૭
મો. ૯૩૭૪૨ ૮૨૧૯૨